ગાંધીનગર સમાચાર



# શહેરમાં ગણેશજીની શોભાયાત્રાઓ ધામધુમથી નિકળી







ગાંધીનગર તા ૧૭

ગાંધીનગર આજે સવારથી જ શ્રીજીની ભકિતના રંગમાં રંગાઈ ગયુ હતુ. શહેરમાં વિવિધ ૭ જેટલા સેકટરોમાં ઠેર ઠેર ભગવાન ગણેશજીની શોભાયાત્રાનુ સ્વાગત કરવામાં આવ્યુ હતુ.ડી જે ના તાલે ભાવિકો ગરબે ધુમ્યા હતા ગુલાલની વિધિ કરવામાં આવી હતી.

શહેરમાં આજે સેકટરોમાં ભગવાન ગણેશજીની શોભાયાત્રા ધામધુમપુર્વક યોજવામાં આવી હતી. નં ૪૬૧-૧ માં રહેતા રમેશચંદ્ર જે જોષીના નિવાસ સ્થાનેથી ગણેશજીની ભવ્ય શોભાયાત્રા નિકાળવામાં આવી હતી આ તબક્કે ગાંધીનગરના

## ભાવિકો ડી જે ના તાલે જુમ્યા : સેકટરોમાં નવરાત્રિ જેવો માહોલ : વેશ ભુષામાં સજજ બાળકો આકર્ષણનુ કેન્દ્ર બન્યા : શોભાયાત્રાનું સેકટરોમાં ભાવિકો દ્વારા ભવ્ય સ્વાગત

સ્થળોએથી ભગવાન ગણેશજીની શોભાયાત્રા નિકળી હતી. ગણપતિ બાપા મોરીયાના જયઘોષ સાથે નગરના માર્ગો ગુંજી ઉઠયા હતા. છોળ ઉડાડી નગરજનોએ શ્રીજીની જય બોલાવી હતી.સેકટરોમાં નિકળેલી શોભાયાત્રાના અંતે નિયત સ્થાને ગણેશજીની સ્થાપના અને પુજા સેકટરોમાં ભાવિકોમાં અનોખો થનગનાટ જોવા મળ્યો હતો. સે-૨૨ ગણેશોત્સવ સમિતિ આયોજિત ગણેશોત્સવ અન્વયે સે-૩ માં પ્લોટ ધારાસભ્ય અશોક પટેલ, મેયર હંસાબેન મોદી, નગરના અગ્રણી કૃષ્ણકાન્ત જહાં સાર્વજનિક

● અનુસંધાન પાન-૭ પર


(તસવીર : કશ્યપ નિમાવત, દિપક જાની)

# શહેરમાં ફુટપાથની જાળવણીના અભાવે વોક-વે પર ગાબડા નાગરિકોમાં આક્રોશ

ગાંધીનગર તા ૧૭

શહેરમાં કરોડોના ખર્ચે નિર્માણ કરાયેલી ફુટપાથની જાળવણી કરવાનુ વિસરાતા માર્ગો આવ્યો છે.તંત્ર દ્વારા પણ લાંબા સમયના અંતે જાળવણી માટે કોઈ પગલા ન લેવાતા ગંદકીથી ઘેરાયેલી ફુટપાથમાં મોટામસ ખાડાઓ

## ફુટપાથ નિર્માણના ટુંકા ગાળામાં જ કેટલાક ઠેકાણે મોટા મસ ખાડા પડી ગયા છે

આસપાસ સ્થિત વોક વેમાં ગાબડા જોવા મળી રહયા છે. જયારે કેટલાક ઠેકાણે કામગીરીમાં ગુણવત્તા ન જળવાતા ચેકર ટાઈલ્સ ઉખડી જતા નાગરીકોને હાલાકી ભોગવવાનો વારો અસ્તિત્વમાં આવ્યા છે.

શહેરમાં ફુટપાથનુ નેટવર્ક ઉભુ કરવા કરોડા રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. ફુટપાથની તબક્કાવાર થયેલી કામગીરી દરમિયાન શહેરના મોટાભાગના માર્ગો આસપાસ ફુટપાથની આભા ઉભી કરવામાં આવી છે.પરંતુ લાંબા સમયના અંતે ફુટપાથની જાળવણી ન થતા ઘણાં ઠેકાણે ગંદકીથી ઘેરાયેલી ફુટપાથમાં ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. ગત વર્ષ દરમિયાન નગરના ગ માર્ગ પર નિર્માણ કરાયેલી ફુટપાથમાં મોટાભાગની ટાઈલ્સો ઉખડી જતા ઠેર ઠેર ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. જેના પરિણામે આમ નાગરિકો ફુટપાથનુ ઉપયોગ કરવાનુ પણ ટાળે

● અનુસંધાન પાન-૭ પર


બાપા મોરિયા રે...

# આજે મનપાની સામાન્ય સભા

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર મહાનગર પાલિકાની આજે સામાન્ય સભા બપોરે ૩ વાગે મનપાના સભાખંડમાં મળશે.

મેયર શ્રીમતિ હંસાબેન મોદીના અધ્યક્ષપદે મળનારી આ બેઠકમાં ભરતી-પ્રમોશનના નિયમોને બહાલી આપવામાં આવશે. આ માટે મળેલા ૧૦ જેટલા વાંધા-સૂચનોના સમાવેશ સાથે આ નિયમો તૈયાર કરવામાં આવ્યા છે તેમ કોર્પોરેશનના સૂત્રોએ જણાવ્યું છે.

## કોંગ્રેસ સત્તાવાર વિપક્ષની ભૂમિકામાં નવા નેતૃત્વ સાથે જોવા મળશે

આ બેઠકમાં પહેલીવાર કોંગ્રેસ પક્ષ વિધિવત્ રીતે વિપક્ષની ભૂમિકામાં નવા નેતાશ્રી શૈલેન્દ્રસિંહ બિહોલાના નેતૃત્વમાં જોવા મળશે. ગાંધીનગર મહાનગરપાલિકાની આ સામાન્ય સભામાં શહેરમાં વકરતા જતા રોગચાળાનો મુદ્દો તેમજ સોલાર લાઈટો જે બંધ પડી છે તે અંગે અને સફાઈ કામદારોની ભરતીમાં ગોટાળાઓને કોંગ્રેસ ઉહાપોહ મચાવે તેવી શક્યતાના નિર્દેશ મળી રહ્યા છે.

જો કે વિપક્ષ તરફથી આ માટેની કોઈ રજુઆતો મનપા સત્તાવાળોને મળી નથી એટલે વિપક્ષ કેવી રણનીતિ અપનાવે છે તેના પર સૌની મીટ મંડાયેલી છે.

# સરકારી કાર્યક્રમને પગલે મજબુત સુરક્ષા રખાઈ

ગાંધીનગર, તા.૧૭

સરકારી કાર્યક્રમોમાં અનામતની માંગ સાથે પાટીદાર મહિલાઓ હાલમાં પહોંચી રહી છે અને થાળીઓ વગાડીને નેતાઓનો વિરોધ કરાઈ રહ્યો છે ત્યારે મહાત્મા મંદિર ખાતેના કાર્યક્રમને લઈને મજબુત સુરક્ષા રાખવામાં આવી હતી. રાજમયાં એક તરફ જુદા જુદા સ્થળોએ યોજાતા સરકારી કાર્યક્રમોમાં અનામતની માંગ સાથે પાટીદાર મહિલાઓ પહોંચી જઈને થાળી વગાડીને નેતાઓને ભગાડી રહી છે જેને ધ્યાને લઈને મહાત્મા મંદિર ખાતે મુખ્યમંત્રી આનંદીબેન પટેલ તથા અન્ય મંત્રીઓની હાજરીમાં યોજાયેલા સરપંચ સન્માન કાર્યક્રમ દરમિયાન પણ પાટીદારોના વિરોધ પ્રદર્શન કાર્યક્રમ યોજાવાની દહેશતના પગલે કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવાઈ હતી. એન્ટી મોરચા સ્કવોડના જવાનો, એસઆરપી જવાનો તથા મહિલા પોલીસ સતર્ક રહીને મહાત્મા મંદિરમાં પ્રવેશનાર દરેક વ્યક્તિની તપાસ કરી હતી. સાથે સાથે મહાત્મા મંદિરને જોડતા તમામ માર્ગો પર પણ ચેકિંગ કરાયું હતું.

# પ્રધાનમંત્રીના જન્મદિને ડેપોમાં વિદ્યાર્થીઓની સફાઇ ઝુંબેશ

### કડી કેમ્પસના એન એસ એસ ના ૪૦ વિદ્યાર્થીઓ સ્વચ્છતા અભિયાનમાં જોડાયા : વિટકોસના બસ સ્ટેન્ડ વિસ્તારમાં પણ સફાઇ કરી




ગાંધીનગર તા ૧૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૬૫માં જન્મદિવસની ઉજવણી નિમિત્તે નગરજનોને સ્વચ્છતાનો સંદેશો આપી જનજાગૃતિ કેળવવા માટે આજે કડી કેમ્પસના ૪૦ જેટલા વિદ્યાર્થીઓએ એસ ટી ડેપો તેમજ વિટકોસ બસ્ સ્ટેન્ડમાં સફાઇ અભિયાન હાથ ધર્યુ હતુ. એન એસ એસના વિદ્યાર્થીઓએ ડેપો સંકુલમાં બસ સ્ટેશન સહિતના વિસ્તારમાંથી ગંદકી ઉલેચી હતી.

સ્વચ્છ ભારતના સ્વપ્નને સાકાર કરવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અનોખી પહેલ કરી દેશમાંથી ગંદકીને જાકારો આપવા દેશને ગંદકી મુકત કરવાનુ અભિયાન હાથ ધર્યુ છે. આજે વડાપ્રધાનના ૬૫માં જન્મદિવસે ઘણાં ઠેકાણે સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરી દેશને ગંદકી મુકત કરવાનો ઉમદા સંદેશો પાઠવવામાં આવ્યો હતો.ગાંધીનગરમાં પણ કડી કેમ્પસના વિદ્યાર્થીઓએ વડાપ્રધાનના જન્મદિવસની અનોખી અને નવતર ઉજવણી કરવામાં આવી હતી. કડી કેમ્પસના એન એન એસના વિદ્યાર્થીઓ દ્વારા નગરના એસ ટી ડેપોની સફાઇ કરવામાં આવી હતી. આ માટે ૪૦ જેટલા વિદ્યાર્થીઓની ટીમ કામે લાગી હતી.એસ ટી ડેપોના સ્ટેન્ડ ઉપરાંત સંકુલમાંથી ગંદકી દુર કરવામાં આવી હતી. આ અભિયાનમાં એસ ટી ના સફાઇ કામદારોએ પણ સહયોગ આપ્યો હતો. આ ઉપરાંત વિદ્યાર્થીઓ દ્વારા વિટકોસ બસ સ્ટેન્ડમાં પણ સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યુ હતુ. શાળાના વિદ્યાર્થીઓએ નગરજનોને સ્વચ્છતાનો સંદેશો આપી આ મામલે નગરજનો વધુ જાગૃત થાય તેવી અપીલ પણ કરી હતી.

# ત્રણ પોલીસ અધિકારીઓના પોલીસ દમનની તપાસ માટે હુકમ

ગાંધીનગર, તા. ૧૭

પાટીદાર અનામત આંદોલન અંતર્ગત પોલીસ દ્વારા થયેલા અત્યાચાર કે કથિત દમનની તપાસ સીઆઈડી ક્રાઈમને સોંપવામાં આવી છે. પોલીસ દમનની તપાસ માટે એક ડીવાયએસપી તથા બે પોલીસ ઈન્સ્પેક્ટર્સ સહિત ત્રણ સક્ષમ પોલીસ અધિકારીઓની પસંદગી કરાઈ છે. જે અધિકારીઓને ૩૦ દિવસમાં તપાસ પૂર્ણ કરી રીપોર્ટ સબમીટ કરવા આદેશ કરાયો છે. સમગ્ર પ્રકરણની તપાસ અમરેલી ડીવાયએસપી બી.એમ. દેસાઈ, એ.ટી.એસ. અમદાવાદના પી.આઈ. ધવલ ભટ્ટ અને અરવલ્લી જિલ્લાના બાયડના સી.પી.આઈ. એચ.જે. બેંકરની ટીમ કરશે.

૨૫ ઓગષ્ટના રોજ અમદાવાદના જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડ ખાતે પાટીદારોની અનામત રેલીમાં પાટીદારો પર પોલીસ દમન થયો હોવાની પાટીદારોએ સરકાર અને પોલીસના અધિકારીઓ રજૂઆત કરી હતી. આ સંદર્ભે રાજ્ય

## ૧ ડીવાયએસપી તથા ૨ પી.આઈ.ની સીઆઈડી ક્રાઈમમાં ૩૦ દિવસ માટે નિમણૂંક કરાઈ : આ ટીમ માત્ર પાટીદારો પર થયેલ પોલીસ અત્યાચારની તપાસ કરશે

સરકાર દ્વારા ગંભીરતા દાખવતા આ સમગ્ર પોલીસ દમન પ્રકરણની તપાસ સી.આઈ.ડી. ક્રાઈમને સોંપવામાં આવી છે. આ તપાસ માટે પોલીસે એક ડીવાયએસપી, દેસાઈ તથા પી.આઈ. એચ.જે. બેન્કર અને ધવલ ભટ્ટ સહિત ત્રણ સક્ષમ પોલીસ અધિકારીની ટીમ બનાવી તપાસ સોંપાઈ છે. આ ટીમ ખાસ પાટીદારો પર થયેલ દમનની જીણવટપૂર્વક તપાસ કરશે અને પોલીસ દમન મામલે થયેલ રજૂઆત અને ફરિયાદની તપાસ કરશે.

અધિકારીઓએ ૩૦ દિવસમાં તપાસ પૂર્ણ કરી રીપોર્ટ સબમીટ કરવા આદેશ કરવામાં આવ્યો છે. આ અધિકારીઓની સેવાઓ માત્ર પાટીદાર અનામત આંદોલન દરમિયાન પોલીસ દ્વારા થયેલ કથિત આંતરિક બળ પ્રયોગની અરજી અને રજૂઆતોની જ તપાસ કરશે. આ ત્રણેય અધિકારીઓ આવતીકાલે પોતાનો ચાર્જ પોલીસભવન સી.આઈ.ડી. ક્રાઈમમાં સંભાળશે.

# મેડિકલ કોલેજોમાં એનઆરઆઈ ક્વોટાની બેઠકો પર પ્રવેશ

અમદાવાદ, તા.૧૭

ગુજરાતમાં કાર્યરત મેડિકલ અને પેરામેડિકલ કોલેજોમાં રિઝર્વ એનઆરઆઈ ક્વોટાની બેઠકો પર આવતીકાલથી પ્રવેશ કાર્યવાહી હાથ ધરવામાં આવશે જે અંતર્ગત રાજયભરમાં આવેલી સ્વનિર્ભર મેડિકલ કોલેજોની ૧૫ ટકા લેખે કુલ ૩૨૬ એનઆરઆઈ ક્વોટાની બેઠકો પર ઉમેદવારોને પ્રવેશ આપવામાં આવશે જ્યારે ૨૧મી સપ્ટેમ્બર બાદ રિસફલિંગની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ચાલુ વર્ષે મેડિકલ કોલેજોના એનઆરઆઈ ક્વોટાની અનામત બેઠકો પર પ્રવેસ માટેના નિયમો બદલાતો ડોમિસાઈલ સર્ટિફિકેટ રજૂ કરનાર એટલે કે મુળ ગુજરાતના એનઆરઆઈ ઉમેદવારોને પ્રાથમિકતા આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું. જો કે, આ મામલે ગુજરાત હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી દાખલ થઈ હતી જેની સુનાવણી દરમિયાન ગુજરાત હાઈકોર્ટ પ્રવેશ સમિતિએ તૈયાર કરેલ નવા નિયમોને ફગાવી દઈને સમાન ધોરણે એનઆરઆઈ ક્વોટાની બેઠકો પર પ્રવેશ આપવા માટે આદેશ કર્યો હતો.

હાઈકોર્ટમાંથી આ વિવાદનો ચુકાદો આવી જતાં હવે જીએમઈઆઈએસ સંચાલિત

● અનુસંધાન પાન-૭ પર

દસમી વાર્ષિક શ્રધ્ધાંજલિ

ધામવાસી જયાબેન કરસનદાસ સોનેરી
ઋષિ પંચમી ૨૦૦૫
અમારા જીવનના ઘડવૈયા તમે
તમારા સંસ્કારોથી શોભતા અમે
પૂજ્ય બાને અમારા પ્રણામ...
અશોકકુમાર સોનેરી | યશરાજ સોનેરી
નિરૂબેન એ.સોનેરી | કૃષ્ણરાજ સોનેરી
સરનામું : રાજતિલક, પ્લોટ નં. ૯૨૧, સેકટર-૬-સી, ગાંધીનગર
9426621008 - 9998900666

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
VINAYAK 500
TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR.FIXIT FOR HEALTHY CONSTRUCTION
TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com